R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11. Licensed to post without pre-payment Licence No. 001-200 9-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૩● તા. ૩૧મી ઓગષ્ટ, ૨૦૧૧ ● અંક નં. ૩૮

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ    કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી    સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

વેબ સાઇટ : www.gujaratinformation.net    Phone No. : 079-232-53440

## લશ્કરી ભરતી મેળો : ભાવનગર

**સૌરાષ્ટ્ર - કચ્છના ઉમેદવારો ભાગ લઈ શકશે.**

**સોલ્જર ટેકનિકલ/સોલ્જર નર્સિંગ આસિ. / સોલ્જર ક્લાર્ક માટે ગુજરાતના તમામ જિલ્લાના ઉમેદવારો ભાગ લઈ શકશે.**

ભારતીય લશ્કરમાં ગુજરાતી નવલોહીયા યુવાનો વધુ સંખ્યામાં જોડાય તે હેતુથી આગામી **તા. ૨૨-૯-૨૦૧૧ થી તા. ૨૮-૯-૨૦૧૧** દરમ્યાન ભાવનગર ખાતે વિવિધ કેટેગરીમાં સોલ્જરની ભરતી માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

❑ **ભાવનગર ખાતે ભરતીનો કાર્યક્રમ :**

**ભરતી સ્થળ :** ભાવનગર યુનિવર્સિટી ગ્રાઉન્ડ/સ્ટેડિયમ, ભાવનગર, સવારે ૪-૦૦ કલાકથી

❑ **તા. ૨૨-૯-૨૦૧૧** થી **તા. ૨૮-૯-૨૦૧૧** દરમ્યાન નીચે દર્શાવેલ જિલ્લાઓ તથા કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ઉમેદવારો માટે સોલ્જર જનરલ ડ્યુટી, સોલ્જર ટેકિનકલ, સોલ્જર નર્સિંગ આસિ., સોલ્જર કલાર્ક, (સ્ટોર કિપર ક્લાર્ક), સોલ્જર જનરલ ડ્યુટી (આદિવાસી) (બધી જ કેટેગરી) માટે શારીરિક માપદંડની ચકાસણી દ્વારા તારવણી કરવામાં આવશે,

♦ **તા. ૨૨-૯-૨૦૧૧ : સુરેન્દ્રનગર, અમરેલી જિલ્લાના ઉમેદવારો માટે.**

♦ **તા. ૨૩-૯-૨૦૧૧ : ભાવનગર જિલ્લાના તથા કે.શા.પ્ર. દીવના ઉમેદવારો માટે.**

♦ **તા. ૨૪-૯-૨૦૧૧ : જૂનાગઢ જિલ્લાના ઉમેદવારો માટે.**

♦ **તા. ૨૬-૯-૨૦૧૧ : રાજકોટ જિલ્લાના ઉમેદવારો માટે.**

♦ **તા. ૨૭-૯-૨૦૧૧ : જામનગર, પોરબંદર અને કચ્છ જિલ્લાના ઉમેદવારો માટે.**

♦ **તા. ૨૮-૯-૨૦૧૧ : ઉપર દર્શાવેલ તમામ જિલ્લા અને દીવના લશ્કરી જવાનોના પુત્ર, એક્સ-સર્વિસમેનના પુત્ર, એન.સી.સી. પ્રમાણપત્ર ધરાવનાર અને રાષ્ટ્રીય/રાજ્ય કક્ષાએ રમતોમાં ભાગ લીધો હોય તેવા રમતવીરો માટે.**

♦ **તા. ૨૮-૯-૨૦૧૧ : સોલ્જર ટેકનિકલ, સોલ્જર નર્સિંગ આસિસ્ટન્ટ, સોલ્જર ક્લાર્ક (સ્ટોરકીપર ક્લાર્ક) માટે ગુજરાતના તમામ જિલ્લાના ઉમેદવારો ભાગ લઈ શકશે.**

❑ **પસંદગીની વિધિ :** જે ઉમેદવારો ભરતી મેળામાં નિયત કરેલ દિવસે અને સ્થળ ઉપર સવારે ૪-૦૦ વાગે હાજરી નોંધાવશે તેમને જ ભરતી માટે ધ્યાનમાં લેવામાં આવશે અને તેઓએ શારીરિક/ચિકિત્સા/યોગ્યતા કસોટી અને સામાન્ય પ્રવેશ પરીક્ષામાં પાસ થવાનું રહેશે.

❑ **-વેશની કેટેગરી, શૈક્ષણિક જરૂરીયાતો, માપદંડ અને વયમર્યાદા :**

| ક્રમ | કક્ષા | શૈક્ષણિક લાયકાત | ઓછામાં ઓછો માપદંડ | | | વયમર્યાદા (વર્ષ) |
|---|---|---|---|---|---|---|
| | | | ઊંચાઈ સે.મી. | વજન કિ.ગ્રા. | છાતી સે.મી. | |
| ૧. | સોલ્જર જનરલ ડ્યુટી | કુલ ૪૫% ગુણ સાથે એસ.એસ.સી. પાસ. તેમજ દરેક વિષયમાં ઓછામાં ઓછા ૩૨ ટકા ગુણ મેળવેલા હોવા જોઈએ. ધો. ૧૨ કે તેથી વધુ અભ્યાસ ધરાવતા ઉમેદવારો માટે ટકાવારીનું ધોરણ લાગુ પડશે નહીં. | ૧૬૮ | ૫૦ | ૭૭/૮૨ | ૧૭½ થી ૨૧ |
| ૨ | સોલ્જર જનરલ ડ્યુટી (કચ્છ જિલ્લાના રાપર અને લખપત તાલુકા માટે) | ઓછામાં ઓછું ધો. ૧૦ પાસ | ૧૬૮ | ૫૦ | ૭૭/૮૨ | ૧૭½ થી ૨૧ |
| ૩. | સોલ્જર જનરલ ડ્યુટી (માત્ર મેટ્રિક પાસ) | ઓછામાં ઓછું ધો. ૧૦ પાસ | ૧૬૮ | ૫૦ | ૭૭/૮૨ | ૧૭½ થી ૨૧ |
| ૪. | સોલ્જર ટેકનિકલ | વિજ્ઞાન પ્રવાહમાં ૧૦+૨ ઈન્ટર મિડિએટ પરીક્ષા ફિઝિક્સ, કેમિસ્ટ્રી, મેથ્સ, અંગ્રેજી સાથે ૫૦ ટકા ગુણ તથા દરેક વિષયમાં સરેરાશ ૪૦ ટકા ગુણ. | ૧૬૮ | ૫૦ | ૭૭/૮૨ | ૧૭½ થી ૨૧ |
| ૫. | સોલ્જર ટેકનિકલ | ધો-૧૨માં ફિઝિક્સ, કેમિસ્ટ્રી, અંગ્રેજી, બાયોલોજી ફરજિયાત વિષયમાં ૪૦ ટકા તથા એકંદર ૫૦ ટકા ગુણ સાથે પાસ બી.એસસી. (બોટની/ઝૂલોજી/બાયો સાયન્સ) અંગ્રેજી સાથે પાસ થયેલા ઉમેદવારો માટે ધો. ૧૨માં ટકાવારીની જરૂર નથી પરંતુ તેઓએ ઉપર દર્શાવેલ વિષયોમાં અભ્યાસ કરેલો હોવો જોઈએ. | ૧૬૭ | ૫૦ | ૭૭/૮૨ | ૧૭½ થી ૨૩ |
| ૬. | સોલ્જર કલાર્ક (સોલ્જર સ્ટોર કિપર) | (એ) કોઈપણ શાખા (આર્ટસ, કોમર્સ, સાયન્સ)માં ૧૦+૨/ સમકક્ષ પરીક્ષા ઓછામાં ઓછા કુલ ૫૦ ટકા ગુણ સાથે પાસ. દરેક વિષયમાં ૪૦ ટકા ગુણ. કોમ્પ્યુટર કોર્સ કરનારને બોનસ ગુણ મળશે. (બી) ધો-૧૦/ધો-૧૨માં અંગ્રેજી અને મેથ્સ/એકાઉન્ટ/બુક કીપીંગમાં અભ્યાસ કરેલો હોવો જોઇએ તેમજ પાસ થયેલા હોવા જોઈએ તથા દરેક વિષયમાં ૪૦ ટકા ગુણ હોવા જોઇએ. (સી) જો ઉમેદવાર મેથ્સ. અને અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયેલ હોય તો. ધો.. ૧૦/ધો. ૧૨માં ટકાવારીનું ધોરણ લાગુ પડશે નહી. (ડી) જો ઉમેદવાર અંગ્રેજી/મેથ્સ./એકાઉન્ટન્ટ બુકકિપિંગ સિવાય સ્નાતક થયા હોય તો ધો. ૧૦/ ધો. ૧૨માં અંગ્રેજી/મેથ્સ/એકાઉન્ટ/ બુક કિપિંગ પૈકી કોઈ એક વિષય સાથે ૪૦ ટકા ગુણ મેળવેલા હોવા જોઈએ. | ૧૬૨ | ૫૦ | ૭૭/૮૨ | ૧૭½ થી ૨૩ |
| ૭. | સોલ્જર જનરલ ડ્યુટી (આદિવાસી) | માત્ર ધો-૮ પાસ | ૧૬૨ | ૫૦ | ૭૭/૮૨ | ૧૭½ થી ૨૧ |

♦ ભરતી કાર્યક્રમમાં નિયત કરેલ દિવસે ઉમેદવારે અભ્યાસ, ઉંમર, રહેઠાણ, ચારિત્ર્ય, જાતિનો દાખલો તથા ટેક્નિકલ લાયકાતનાં -માણપત્રો, એન.સી.સી./રમતગમતના -માણપત્રો સાથે લાવવા જરૂરી છે.

♦ **સ્ક્રીનીંગ અને નોંધણીની -ક્રિયા :** (૧) દસ્તાવેજોની ચકાસણી (૨) શારીરિક ક્ષમતા કસોટી, (૩) શારીરિક માપદંડ (૪) તબીબી તપાસ (૫) પર્સનાલીટી ટેસ્ટ (૬) લેખિત પરીક્ષા (૭) ગુણવત્તા -માણે પસંદ કરાયેલ ઉમેદવારોને તાલીમ કેન્દ્રોમાં મોકલી આપવામાં આવશે.

♦ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે ભરતી મેળામાં ઉપસ્થિત થતા પૂર્વે સ્વયંનું તબીબી પરીક્ષણ કરાવી લેવું. એટલે કે, પગના તળીયા સપાટ ન હોય, દૃષ્ટિ અને અન્ય નાની બિમારીઓની ખાસ તપાસ કરાવી લેવી. કાનમાંથી મેલ કઢાવી સાફ કરાવી લેવા.

❑ **શારીરિક ધોરણ :** ઉમેદવાર ૧૬૦૦ મીટરની દોડ ૬ મિનિટ અને ૨૦ સેકન્ડમાં, ઓછામાં ઓછા ૬ બીમ તેમજ બીજી સામાન્ય કસોટીઓ પૂર્ણ કરવાની ક્ષમતા ધરાવતા હોવો જોઈએ.

♦ રમતવીર, સર્વિસમેન, એક્સ-સર્વિસમેન અને લડાઈમાં શહીદ થનારના પુત્રોને ઊંચાઈ, વજન તથા છાતીના માપમાં છૂટછાટ આપવામાં આવશે.

♦ પરીણિત ઉમેદવાર જો ૨૧ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા હશે તો અયોગ્ય ગણાશે.

♦ મોબાઈલ સાથે લાવવો નહીં કે ઉપયોગ કરવો નહીં.

♦ હાલમાં ધો. ૧૨ સાયન્સની પરીક્ષા આપી હોય તેઓ સોલ્જર ટેક્નિકલની જગ્યા માટે ભરતીમાં ભાગ લઈ શકે છે. પસંદગી થયે તેઓએ ધો. ૧૨ પાસ કર્યાની માર્કશીટ અને ક્રેડીટ સર્ટિ. રજૂ કરવાનું રહેશે.

❑ **પગાર :** તાલીમ પૂરી થયા બાદ ઉમેદવારને રૂા. ૫૨૦૦-૨૦,૨૦૦ના પગાર ધોરણમાં મૂકવામાં આવશે. ટૂંકમાં ઉમેદવારને નિમણૂકના સ્થળ મુજબ માસિક રૂા. ૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ સુધીનું વળતર પ્રાપ્ત થાય છે. તદ્ઉપરાંત વીમો, રહેઠાણ, નિઃશુલ્ક તબીબી સારવાર, એલ.ટી.સી., ગણવેશ, હક્કરજા જેવા લાભો મળી શકે છે.

❑ **સાથે લાવવાના પ્રમાણપત્રોની યાદી :**

(અસલ તથા પ્રત્યેકની ચાર પ્રમાણિત કોપી)

♦ એસ.એસ.સી./એચ.એસ.સી. બોર્ડનું પ્રમાણપત્ર/કામચલાઉ પ્રમાણપત્ર. ♦ એસ.એસ.સી./એચ.એસ.સી. પાસની માર્કશીટ. ♦ સ્કુલ લીવીંગ સર્ટિફિકેટ/બોનાફાઈડ સર્ટિફિકેટ ♦ ઉચ્ચતર શૈક્ષણિક લાયકાતના -માણપત્રો (જો હોય તો) ♦ આઈ.ટી.આઈ./ટેક્નિકલ લાયકાતનું અન્ય પ્રમાણપત્ર (જો હોય તો) ♦ ગ્રામ પંચાયત/મ્યુ. કોર્પોરેટર દ્વારા અપાયેલું રહેઠાણના પુરાવા માટેનું -માણપત્ર. (એક માસથી જુનું નહિ હોવું જોઈએ.) ♦ શૈક્ષણિક સંસ્થા/સરપંચ/કોર્પોરેટ દ્વારા આપેલું ચારિત્ર્યનું -માણપત્ર. ♦ એન.સી.સી./રમતગમતનું -માણપત્ર (જો હોય તો) (જિલ્લા, યુનિ., રાજ્ય, રાષ્ટ્રિય કક્ષાનું) ♦ તમામ ગુજરાતી-બિન ગુજરાતી ઉમેદવારોએ સ્વયંનો ફોટો ચોંટાડી તેના પર ઈસ્યુ કરનાર સત્તાધીશના સહી સિક્કા હોય તેવું ડોમીસાઈલ (વસવાટ)નું પ્રમાણપત્ર. ♦ તાજેતરમાં પડાવેલ એકસરખા **૧૬ નંગ** પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ્સ (ફોટાની નેગેટીવ પણ સાથે લાવવી) ♦ જાતિનું પ્રમાણપત્ર ♦ ભરતી મેળામાં આવનાર ઉમેદવારે ભરતી મેળા દરમિયાન સ્વખર્ચે રહેવા, જમવાની વ્યવસ્થા સાથે આવવાનું રહેશે.

મેજર ●

# સ્ટાફ સિલેક્શન કમિશન

## ડેટા એન્ટ્રી ઓપરેટર/લોઅર ડિવિઝન ક્લાર્કની ભરતી માટે

## કંબાઇન્ડ હાયર સેકન્ડરી લેવલ (૧૦+૨) પરીક્ષા-૨૦૧૧

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૧૬-૯-૨૦૧૧**

**પરીક્ષાની તારીખ : ૪-૧૨-૨૦૧૧**

**વિવિધ કેન્દ્રિય મંત્રાલયો, વિભાગો અને કચેરીઓમાં ડેટા એન્ટ્રી ઓપરેટર / લોઅર ડિવિઝન ક્લાર્ક (પે બેન્ડ-૧, ગ્રેડ પે રૂ. ૧૯૦૦) ની જગ્યાઓ ભરવા માટે તા. ૪-૧૨-૨૦૧૧ ના રોજ અખિલ ભારતીય ધોરણે સ્પર્ધાત્ક ભરતી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.**

❑ **જગાઓની સંખ્યા :**

➢ ડેટા એન્ટ્રી ઓપરેટરની ભરવાની જગ્યાઓ તથા વિવિધ કચેરીઓમાં ભરવાની થતી ડિવિઝન ક્લાર્કની જગ્યાઓની સંખ્યા હાલમાં નક્કી કરવામાં આવી નથી. જે પછીથી જાહેર કરવામાં આવશે.

➢ અનામત વર્ગ, શા.ખો.ખાં. ધરાવનાર ઉમેદવારો માટે નિયમોનુસાર જગ્યાઓ અનામત રહેશે.

❑ **રાષ્ટ્રિયતા/નાગરિકત્વ :**

➢ ઉમેદવાર (૧) ભારતના નાગરિક અથવા (૨) નેપાળના રહેવાસી (૩) ભૂતાનના પ્રજાજન અથવા (૪) તા. ૧-૧-૧૯૬૨ પહેલા ભારતમાં કાયમી ધોરણે રહેવાના ઈરાદાથી આવેલા તિબેટના શરણાર્થી અથવા (૫) મૂળ ભારતીય એવા પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા, પૂર્વ આફ્રિકાના દેશો જેવા કે કેન્યા, યુગાન્ડા, યુનાઈટેડ રિપબ્લિકન ઓફ ટાન્ઝાનિયા, ઝાંબિયા, માલાવી, ઝૈર, ઈથોપિયા અને વિયેટનામમાંથી ભારતમાં કાયમી ધોરણે નિવાસ કરવાના ઈરાદાથી સ્થળાંતર કરીને આવેલી વ્યક્તિ હોવી જોઈએ.

➢ ક્રમાંક (૨) થી (૫) ની કક્ષાના ઉમેદવારોને ભારત સરકારે યોગ્યતાનું પ્રમાણપત્ર આપેલું હોવું જોઈએ.

➢ જ્યાં આવું યોગ્યતાનું પ્રમાણપત્ર જરૂરી છે તેવા ઉમેદવારોને પરીક્ષા/ઈન્ટરવ્યૂમાં બેસવા દેવામાં આવશે પરંતુ આખરી પસંદગી સમયે આવું પ્રમાણપત્ર રજૂ કર્યે જ નિમણૂંક આપવામાં આવશે.

❑ **વયમર્યાદા :** ઉમેદવારની ઉંમર તા. ૧-૦૮-૨૦૧૧ના રોજ ૧૮ થી ૨૭ વર્ષની હોવી જોઈએ.

❑ **ઉપલી વય મર્યાદામાં છૂટછાટ :**

➢ અ.જા. અથવા અ.જ.જા.ના ઉમેદવારોને ૫ વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

➢ ક્રિમીલેયરમાં આવતા ન હોય તેવા અ.પ.વ.ના ઉમેદવારોને ૩ વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

➢ શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોને ૧૦ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. અ.જા./અ.જ.જા./અ.પ.વ.ના ઉમેદવારો કે જેઓ શારીરિક ખોડખાંપણ ધરાવે છે તેઓને ઉપરની (૧) અને (૨)માં દર્શાવ્યા મુજબની છૂટછાટ ઉપરાંત ૧૦ વર્ષની છૂટછાટ આપવામાં આવશે.

➢ વય મર્યાદામાં છૂટછાટ સંબંધી વધુ જાણકારી માટે તા.૨૦-૮-૨૦૧૧નું એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ જોવા વિનંતી છે.

➢ એક્સ સર્વિસમેનને સરકારે વખતોવખત બહાર પાડેલા સરકારી આદેશો મુજબ ઉંમરમાં છૂટછાટ આવામાં આવશે.

**કેન્દ્ર સરકારના સનદી કર્મચારીઓને વયમર્યાદામાં છૂટછાટ :**

➢ કેન્દ્ર સરકારના કર્મચારીઓ જેઓએ તા. ૧૬-૯-૨૦૧૧ના રોજ મુજબ નિયમિત ધોરણે (કામચલાઉ ધોરણે નહિ) ઓછામાં ઓછી સતત ૩ વર્ષ ફરજ બજાવી હોય અને ઉમેદવારને કચેરી વિભાગમાંથી નિમણૂકની ઓફર મળે ત્યારે ભારત સરકારના વિવિધ વિભાગ/કચેરીમાં સનદી જગા પર ફરજ બજાવતા હોય તેઓને ઉપલી વયમર્યાદામાં ૪૦ વર્ષ સુધી (અ.જા/અ.જ.જા. માટે ૪૫ વર્ષ અને અ.પ.વ. માટે ૪૩ વર્ષ) છૂટછાટ આપવામાં આવશે. વય મર્યાદામાં છૂટછાટનો દાવો કરનાર આવા ઉમેદવારે પોતાની કચેરીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે જેમાં ઉમેદવારે કરેલી અરજીની તારીખ સુધીનો ઉમેદવારનો સેવાનો સમયગાળો દર્શાવેલ હોય. આવા ઉમેદવારો પોતાની કચેરી/વિભાગના વડાને જાણ કરીને કમિશનને સીધે સીધી અરજી મોકલી શકશે પરંતુ જો તેઓ ખાતા મારફતે અરજી મોકલવા માગતા હોય તો તેઓની અરજી કમિશનને આખરી તારીખ પહેલાં મળી જાય તેની ખાતરી તેઓએ રાખવાની રહેશે.

➢ જન્મ તારીખના પુરાવા માટે મેટ્રિક્યુલેશન અથવા સેકંડરી સ્કૂલ લિવીંગ સર્ટિફિકેટ અથવા મેટ્રિક્યુલેશનની સમકક્ષ ભારતીય યુનિવર્સિટીએ માન્યતા આપેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. જન્માક્ષર, સોગંદનામું, મ્યુનિસિપલ કોર્પોરેશનનું પ્રમાણપત્ર, સેવાનો રેકોર્ડ જેવા દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહિ.

➢ જે ઉમેદવારો અ.જા./અ.જ.જા./અ.પ.વ/શારીરિક ખોડખાંપણ/એક્સ સર્વિસમેન/કેન્દ્ર સરકારના સનદી કર્મચારીની કક્ષામાં વયમર્યાદા માટે છૂટછાટની માંગણી કરતા હોય તેઓએ સક્ષમ સત્તાધીશ પાસેથી જરૂરી પ્રમાણપત્ર મેળવીને અરજી સાથે રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર આ જાહેરખબરમાં આપેલાં પરિશિષ્ટો મુજબ નિયત નમુના મુજનું જ હોવું જોઈએ.

❑ **શૈક્ષણિક લાયકાત (તા.૧-૮-૨૦૧૧ના રોજ) :**

➢ બારમું ધોરણ પાસ અથવા સમકક્ષ અથવા ઉચ્ચ પરીક્ષા માન્ય બોર્ડ/યુનિ.માંથી પાસ કરી હોવી જોઇએ.

➢ કેન્દ્રિય માનવ સંશાધન વિકાસ મંત્રાલયના આદેશ અનુસાર ઓપન યુનિ./ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સીલ-ઇગ્નુ દ્વારા માન્ય હોવી જરૂરી છે. અન્યથા, આવી ડિગ્રી શૈક્ષણિક લાયકાત તરીકે માન્ય ગણી શકાશે નહીં.

➢ જે ઉમેદવારે તા. ૧-૮-૨૦૧૧ના રોજ જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હોય તો તેઓએ અરજી કરવી નહીં.

➢ જે ઉમેદવારને સ્કીલ ટેસ્ટ/ટાઈપીંગ ટેસ્ટ માટે બોલાવવામાં આવે તેઓએ લાયકાતના તમામ પ્રમાણપત્રો જેવાં કે માર્કશીટ, પ્રોવીઝનલ સર્ટિફીકેટ, જાતિનો દાખલો વગેરે અસલ રજૂ કરવાના રહેશે.

➢ જે ઉમેદવારે કમિશન પાસેથી પ્રવેશ માટેનું પ્રમાણપત્ર (AC) મેળવ્યું નહિ હોય તેઓને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.

❑ **ફી : ટપાલથી અરજી મોકલનાર ઉમેદવાર માટે :** રૂા. ૧૦૦/- (સો રૂપિયા પૂરા) મહિલા ઉમેદવારો/અ.જા./અ.જ.જા./શારીરિક ખોડખાંપણવાળા/એક્સ સર્વિસમેન ઉમેદવારે ફી ચૂકવવાની રહેતી નથી. એક્સ સર્વિસમેનના પુત્ર અથવા પુત્રીને તેમજ અ.પ.વ. ઉમેદવારોને ફી કન્સેશનનો લાભ મળવાપાત્ર નથી.

જે એક્સ સર્વિસમેનના ઉમેદવાર સરકારી નોકરી કરતા હોય તેમની ગણના બિનઅનામત ઉમેદવાર તરીકે કરવામાં આવશે અને આથી તેમને ફી કન્સેશનનો લાભ મળવાપાત્ર નથી.

❑ **ચૂકવણીની પદ્ધતિ :**

➢ ઉમેદવારોએ ફી ''સેન્ટ્રલ રિક્રુટમેન્ટ ફી સ્ટેમ્પ (CRFS)'' ની પદ્ધતિથી જ ચૂકવવાની રહેશે. આવી સ્ટેમ્પ દેશભરમાં ડિપાર્ટમેન્ટલ પોસ્ટ ઓફિસોના કાઉન્ટર પરથી મળી શકશે. અરજીપત્રકમાં નિયત જગાએ આવી સ્ટેમ્પ લગાવવાની રહેશે. આવી સ્ટેમ્પ, ઈસ્યુ કરનાર પોસ્ટ ઓફિસના કાઉન્ટર ક્લાર્ક પાસે, ઈસ્યુ કરનાર ઓફિસના તારીખના સિક્કા સાથે એવી રીતે કેન્સલ કરવાની રહેશે કે જેથી કેન્સલેશનની છાપ આંશિક રીતે અરજીપત્રક ઉપર પડે અને સાથે સાથે એ વાતની કાળજી લેવાની રહેશે કે છાપ સ્પષ્ટ હોય કે જેથી પાછળથી કોઈપણ તબક્કે ઈસ્યુ કરનાર પોસ્ટ ઓફિસ તથા તારીખની ઓળખ થઈ શકે. ઉમેદવારે પોસ્ટ ઓફિસમાંથી સ્ટેમ્પ કેન્સલ કરાવ્યા બાદ પોતાની એજી કમિશનની સંબંધિત પ્રાદેશિક/પેટા પ્રાદેશિક કચેરી ખાતે સુપ્રત કરી શકશે.

➢ એકવાર ફી ચુકવ્યા બાદ કોઈપણ સંજોગોમાં પરત મળી શકશે નહિ તેમજ કોઈ અન્ય પરીક્ષા અથવા પસંદગી માટે અનામત રાખી શકાશે નહિ.

➢ ''સેન્ટ્રલ રિક્રુટમેન્ટ ફી સ્ટેમ્પ'' સિવાય અન્ય કોઈ પદ્ધતિથી ચૂકવેલી ફી સ્વીકારવામાં આવશે નહિ.

➢ **ઓનલાઈન અરજી કરવા ઈચ્છુક ઉમેદવારો માટે :** ઓન લાઇન અરજી કરવા ઇચ્છતા ઉમેદવારોએ અરજી ફી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની કોઇપણ બ્રાંચમાં ચલન દ્વારા અથવા એસ.બી.આઇ. ની ઓનલાઇન પેમેન્ટ ચૂકવવાની સુવિધા દ્વારા કરવાની રહેશે.

❑ **પરીક્ષા કેન્દ્રો, કેન્દ્રનો કોડ, અરજી મોકલવાનાં સરનામાં:**

ઉમેદવારે નીચેના ટેબલમાં દર્શાવેલ કેન્દ્રોમાંથી લેખિત પરીક્ષા માટે માત્ર એક જ કેન્દ્ર પસંદ કરવું અને પોતાની અરજી પોતે પસંદ કરેલ કેન્દ્ર સામેના સરનામે જ મોકલી આપવી. કોઈપણ સંજોગોમાં પરીક્ષાનું કેન્દ્ર બદલી આપવામાં આવશે નહિ. અરજીપત્રક પર નીચે જણાવેલ ટેબલ મુજબ કમિશનની પ્રાદેશિક/પેટા પ્રાદેશિક કચેરીનું સરનામું લખવું.

| Examination Centre & Centre Code | Address to which Applications should be sent |
|---|---|
| Ahmedabad (7001), Vadodara (7002), Rajkot (7006), Surat (7007), | Regional Director (WR), Staff Selection Commission, 1st Floor, South Wing, Pratistha Bhavan, 101, M. K. Road, Mumbai, Maharashtra-400020. |

❑ **પરીક્ષા પદ્ધતિ :** પરીક્ષા નીચે જણાવ્યા મુજબ લેવામાં આવશે. લેખિત પરીક્ષા, સ્કીલ ટેસ્ટ, ટાઈપીંગ ટેસ્ટ યોજાશે.

❑ **લેખિત પરીક્ષા :** લેખિત પરીક્ષામાં નીચે મુજબ ચાર ભાગ રહેશે.

| ભાગ | વિષયો | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય | દ્રષ્ટિની ખામી વાળા ઉમેદવારો માટે સમય |
|---|---|---|---|---|---|
| ૧ | જનરલ ઇન્ટેલિજન્સ | ૫૦ | ૫૦ | ૨ કલાક સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ | ૨ કલાક ૨૦ મિનિટ સવારે ૧૦-૦૦ થી ૧૨-૨૦ |
| ૨ | અંગ્રેજી ભાષા | ૫૦ | ૫૦ | | |
| ૩ | ન્યુમેરિકલ એપ્ટિટ્યૂડ | ૫૦ | ૫૦ | | |
| ૪ | જનરલ અવેરનેસ | ૫૦ | ૫૦ | | |

➢ **સ્કીલ ટેસ્ટ (ડેટા એન્ટ્રી ઓપરેટર માટે) :**

➢ ઉમેદવારની સ્કીલ ટેસ્ટ ચકાસવામાં આવશે. ઉમેદવાર પ્રતિ કલાક કોમ્પ્યુટર ઉપર ૮૦૦૦ કી ડિપ્રેશન કરી શકતા હોવા જોઈએ.

➢ **સ્કીલ ટેસ્ટ : (એલ.ડી.સી. માટે) :**

➢ ઉમેદવારોની કોમ્પ્યુટર પર ટાઈપીંગ ટેસ્ટ ચકાસવામાં આવશે. ૧૦ મિનિટમાં અંગ્રેજી ટાઈપીંગમાં પ્રતિ મિનિટ ૩૫ શબ્દોની તથા હિન્દી ટાઈપીંગમાં પ્રતિ મિનિટ ૩૦ શબ્દોની ઝડપ હોવી જોઇએ.

❑ **પસંદગી પ્રક્રિયા :**

➢ નિયત લાયકાત ધરાવનાર ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપવાની રહેશે. લેખિત પરીક્ષાના આધારે વિવિધ કક્ષાઓ એટલે કે બિનઅનામત, અ.જા., અ.જ.જા., અ.પ.વ. વગેરે માટે લાયકાત મેળવવા માટેના લઘુત્તમ ગુણ નક્કી કરવા માટેની સંપૂર્ણ સત્તા કમિશન હસ્તક રહેશે. લેખિત પરીક્ષામાં સફળ ઉમેદવારે સ્કીલ ટેસ્ટમાં હાજર રહેવાનું થશે. બંને પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે અખિલ ભારતીય ધોરણે આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. લેખિત પરીક્ષા સ્કીલ ટેસ્ટમાં સરખા ગુણ ધરાવનાર ઉમેદવારોની લેખિત પરીક્ષાના ગુણ જોવામાં આવશે.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

➢ અરજી પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ નિયત નમુનામાં એ-૪ સાઈઝના પેપરમાં કરવાની રહેશે.

➢ ઉમેદવારોએ ''એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ''માં પ્રકાશિત કરેલ મુળ ફોર્મ બોલ પોઈન્ટ પેનથી ભરવા માટે ઉપયોગમાં લઈ શકશે.

➢ ઉમેદવારોએ સફેદ કાગળ પર કાગળની માત્ર એકજ બાજુએ ડબલ સ્પેસમાં અરજી પત્રક ટાઈપ કરી શકશે. પરિશિષ્ટ મુજબ અરજીપત્રકનો નમુનો અને કદ હોય તો ઉમેદવારોએ ખાનગી એજન્સીઓના છાપેલા અરજી પત્રકનો પણ ઉપયોગ કરી શકશે.

➢ ઉમેદવારોએ વેબસાઈટ પરથી અરજીપત્રક ડાઉનલોડ કરીને ઉપયોગ કરી શકશે.

➢ ઉમેદવારે સ્વહસ્તાક્ષરમાં જ અરજી કરવી. યોગ્ય જગાએ કબુલાતનામામાં રનીંગ હેન્ડ રાઈટીંગમાં પોતાની સહી કરવી.

➢ **ઓન લાઈન અરજી :** ઉમેદવારો કમિશનની વેબસાઈટ **www.ssconline.nic.in** ઉપર તા. ૧૪-૯-૨૦૧૧ સુધીમાં **http://sscregistration.safytest.com** ઉપર ઓન લાઈન અરજી કરી શકે છે. ઓન લાઈન અરજી કરવાની રીત જાહેરખબરમાં દર્શાવેલ છે.

➔

➔

➢ અરજી કરવાની રીત માટેની વિગતો માટે એપેન્ડીક્ષ-**II-A** અને **II-B** જોવું.

**PART-II**

## Category-Codes for claiming Age Relaxation

| Code No. | Category | Extent of Age Relaxation Permissible |
|---|---|---|
| 01 | SC/ST | 5 years |
| 02 | OBC | 3 years |
| 03 | PH | 10 years |
| 04 | PH+OBC | 13 years |
| 05 | PH+SC/ST | 15 years |
| 09 | Ex-Servicemen | (Actual age as on 06.06.2008 - Period of Military Service) < 30 years |
| 10 | Ex-Servicemen +OBC | 33 years |
| 11 | Ex-Servicemen +SC/ST | 35 years |
| 15 | Central Govt. Civilian Employees who have rendered not less than 3 years continuous service as on 16.09.2011 | Upto 40 years |
| 17 | -Do- + OBC | Upto 43 years |
| 19 | -Do- + SC/ST | Upto 45 years |
| 21 | Candidates who had ordinarily been domiciled in the State of Jammu & Kashmir | 5 years |
| 22 | -Do- + OBC | 8 years |
| 23 | -Do- + SC/ST | 10 years |
| 24 | Widows/Divorced Women/Women judicially separated and who are not remarried (General) | Upto 35 years |
| 25 | -Do- + OBC | Upto 38 years |
| 26 | -Do- + SC/ST | Upto 40 years |
| 27 | Defence Personnel disabled in operation during hostilities with any foreign country or in a disturbed area and released as a consequence thereof. | 3 years |
| 28 | -Do- + OBC | 6 years |
| 29 | -Do- + SC/ST | 8 years |

**Annexure – II A**

**BROCHURE**

**INSTRUCTIONS FOR FILLING UP THE APPLICATION**

I. The Commission uses standard application form for all its examinations. Therefore, please read the instructions given in the Notice of Examination and also given below carefully before filling up the application form, in your own interest.

II. Use only blue/black ball pen to write in the boxes, i.e.,

III. Instructions have been given for most items in the application itself which should be gone through carefully before filling up the boxes. For items for which instructions are not available, further instructions given below may be gone through carefully.

IV. Please go through the instructions given below for filling up each item numbered in the application form:-

**1. Name of the Examination Centre and 2. Centre Codes**

Refer to para-7 of the Notice of the Examination.

**12.1. Code for seeking age relaxation.**

Refer to para 4 B of the Notice of the Examination.

**13. Preference for Posts**

Use'L' for Lower Division Clerk and

'D' for Data Entry Operator (in GP. 2400) 'E' for Data Entry Operator (in GP. 1900)

You are advised to be careful in exercising your preference as in the event of your getting selected for both the posts, you will be considered for the posts in the order of your merit for each post.

13.1, 13.2 and 13.3 : Preference may be Indicated carfully, referring the para - 13 of the notice, as no change in option will be entertained later.

**15.1** VH candidates should specify the medium in which they desire to take the Written Examination. Scribe will be arranged by the Commission accordingly.

**16.** Candidates should indicate whether they belong to one of the minority communities notified by Govt. namely Muslims, Christians, Sikhs, Buddhists, or Zoroastrians (Parsis).

**17.** Preference for Y group, please see para-13 of the notice.

**18. Educational Qualification and Subject Code:**

See Annexure – IX

Use 'Others' if any particular Educational Qualification or Subject is not assigned a code.

**20. Address for communication**

Write your complete communication address including your Name in English in capital letters or in Hindi with blue/black ball pen. Do not forget to write 6 digits PIN in the boxes.

**21. Photograph**

Paste your recent photograph of size 4cmx5cm. Do not staple and do not get the photo attested. Please note that your application shall be rejected summarily without photograph.

**Box for Roll Number to be left unfilled (blank) by the candidate.**

**Signature of Candidate (Wherever required)**

Please do sign in running hand. Signature in capital letters of English shall not be accepted and your application shall be summarily rejected. Unsigned application shall also be rejected.

**Annexure-II B**

**Procedure for Online Submission of Application**

**Note: On-line application will be available**

The online submission of the application may be made at website **www.ssconline.nic.in.** or **http://sscregistration sefytest.com.** Instructions are available at the site. Candidate should read the instructions carefully before making any entry or selecting options. Candidate should supply all the required details while filling up the online form. Mandatory fields are marked with * (asterisk) sign. The filling of online application contains two parts :

Part I Registration

Part II Registration

1. In Part I registration, candidate will have to fill basic information. On submission of details, candidate shall be prompted to check the details and make any correction in the application.
2. Candidate may press "I agree" button after declaration once he/she finds that information supplied by him/her is in order and no correction is required. Thereafter no correction/ modification etc. shall be allowed.
3. Then a page with Registration No. shall be generated. Note down registration number or take out the print out of the page. The application procedure is incomplete without part II registration. Part II registration requires filling of payment details, uploading of photograph and scanned signature. Candidates may note that the Registration number given by the Commission and Transaction ID of the Bank should be properly entered in the relevant space, failing which it will not be possible to link the payment with Part I registration. On-line application will be complete only if scanned signature and photo are uploaded as per instructions.
4. Candidates who have to pay application fee can pay fee online through net banking, or cash through SBI bank challan.
5. To pay fee in cash, candidate can take printout of challan generated online after completion of part I registration. Deposit the requisite fee in pay branch of State Bank of India and then continue with the Part II registration.
6. Those who want to pay online through net banking, can go directly to part II registration after completion of part I. Candidate will have to supply registration number and date of birth to continue to Part II registration.
7. As approval of the Controller General of Accounts, Ministry of Finance has not been received for use of credit cards / debit cards, payment through these modes will not be available.
8. Those who are exempted from payment of fee can skip steps 4 to 7.
9. Then upload a recently taken scanned photograph in 8 - bit grayscale JPG format. The digital size of the file must be of resolution 100 pixel widths by 120 pixels height.
10. Then upload your scanned signature in 8 - bit grayscale JPG format. The digital size of the file must be of resolution 140 pixel width by 60 pixels height.
11. **Candidates are advised to go through the instructions carefully before filling up the application form.**
12. Request for change/correction in any particulars in the Application Form shall not be entertained under any circumstances. **The Staff Selection Commission will not be responsible for any consequences arising out of non acceptance of any correction/addition/ deletion in any particular filled in application form whatever the reasons may be.**

ANNEXURE - IX

**Essential Educational Qualification Code**

| Educational Qualification | Code |
|---|---|
| Matriculation | **01** |
| Intermediate/Higher Secondary | **02** |
| Certificate | **03** |
| Diploma | **04** |
| BA | **05** |
| BA (Hons.) | **06** |
| B. Com. | **07** |
| B.Com. (Hons.) | **08** |
| B.Sc. | **09** |
| B.Sc. (Hons.) | **10** |
| B. Ed. | **11** |
| LLB | **12** |
| BE | **13** |
| B. Tech | **14** |
| AMIE (Part A & Part B) | **15** |
| B.Sc. (Engg.) | **16** |
| BCA | **17** |
| BBA | **18** |
| Graduation issued by Defence (Indian Army, Air Force, Navy) | **19** |
| B. Lib. | **20** |
| B. Pharm. | **21** |
| ICWA | **22** |
| CA | **23** |
| PG Diploma | **24** |
| MA | **25** |
| M.Com. | **26** |
| M. Sc. | **27** |
| M.Ed. | **28** |
| LLM | **29** |
| ME | **30** |
| M. Tech. | **31** |
| M. Sc. (Engg.) | **32** |
| MCA | **33** |
| MBA | **34** |
| Others | **35** |

**Subject Code for Educational Qualification**

| Subject of Educational Qualification | Code |
|---|---|
| History | **01** |
| Political Science | **02** |
| Economics | **03** |
| English Literature | **04** |
| Hindi Literature | **05** |
| Geography | **06** |
| Commerce | **07** |
| Law | **08** |
| Physics | **09** |
| Chemistry | **10** |
| Mathematics | **11** |
| Statistics | **12** |
| Botany | **13** |
| Zoology | **14** |
| Agriculture Science | **15** |
| Civil Engineering | **16** |
| Electrical Engineering | **17** |
| Mechanical Engineering | **18** |
| Electronics Engineering | **19** |
| Electronics & Power Engineering | **20** |
| Electronics & Communication Engineering | **21** |
| Electronics & Instrumentation Engineering | **22** |
| Agriculture Engineering | **23** |
| Computer Science | **24** |
| Computer Application | **25** |
| Information Technology | **26** |
| Library Science | **27** |
| Accountancy | **28** |
| Work Accountancy | **29** |
| Business Administration | **30** |
| Mass Communication | **31** |
| Journalism | **32** |
| Mass Communication & Journalism | **33** |
| Pharmacy | **34** |
| Photography | **35** |
| Printing Technology | **36** |
| Nursing | **37** |
| Assamese | **38** |
| Bengali | **39** |
| Malyalam | **40** |
| Telgu | **41** |
| Kannada | **42** |
| Tamil | **43** |
| Marathi | **44** |
| Gujrati | **45** |
| Urdu | **46** |
| Sanskrit | **47** |
| Others | **48** |

# કોસ્ટલ સિક્યુરીટી સ્કીમ અંતર્ગત ક્રુ-મેમ્બર્સની ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૫-૧૦-૨૦૧૧**

ગુજરાત રાજ્યની દરીયાઇ સુરક્ષા માટે ભારત સરકાર દ્વારા ફાળવવામાં આવેલ અદ્યતન ઇન્ટરસેપ્ટ બોટો ચલાવવા માટે અનુભવી ક્રુ-મેમ્બર્સ બે વર્ષ માટે કરાર આધારીત માસિક ફીક્સ પગારથી લેવા માટે પસંદગી યાદી તૈયાર કરવાની હોઇ નીચે જણાવેલ જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

**જગ્યાઓના નામ :-**

❑ **માસ્ટર :**

♦ **શૈક્ષણિક લાયકાત :** ઇનલેન્ડ વેસલ્સ અધિનિયમ, ૧૯૧૭નાં (૧) અન્વયે સૌથી નજીકનાં દરિયાકાંઠા પ્રવાસ (નેવીગેશનલ વોચ કીપીંગ ઓફિસર) અથવા ફર્સ્ટ ક્લાસ માસ્ટર્સ સર્ટીફિકેટ ધરાવતા હોવા જોઇએ.

❑ **સેરાંગ :**

♦ **શૈક્ષણિક લાયકાત :** ઇનલેન્ડ વેસલ્સ અધિનિયમ, ૧૯૧૭નાં (૧) અન્વયે સારંગ ઇનલેન્ડ વેસલ્સ સર્ટીફિકેટ ધરાવતા હોવા જોઇએ.

❑ **એન્જિન ડ્રાઇવર :**

♦ **શૈક્ષણિક લાયકાત :** મરીન એન્જિનિયર અધિકારી વર્ગ-૪ (સૌથી નજીકના દરિયાકાંઠા પ્રવાસ) કમ્પીટન્સી ઇનલેન્ડ વેસલ્સ એક્ટ ૧૯૧૭ (૧-૧૯૧૭)નું પ્રથમ વર્ગ એન્જિન ડ્રાયવર સર્ટીફિકેટ અથવા દરિયાકાંઠાની માન્ય સંસ્થા અથવા મર્ચન્ટ શીપીંગ અથવા શીપીંગ મહાનિર્દેશક અથવા રાજ્ય મેરીટાઇમ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત ખાનગી દરિયાકાંઠાની સંસ્થામાં દ્વિતીય વર્ગ એન્જિન ડ્રાયવરનું બે વર્ષના અનુભવ સાથેનું કમ્પીટન્સી ઇનલેન્ડ વેસલ્સ અધિનિયમ, ૧૯૧૭ના (૧) મુજબનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇએ.

♦ **ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે વય મર્યાદા :** ૨૧ વર્ષથી ઓછી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

❑ **ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે શારીરિક માપદંડ :**

♦ **ઊંચાઇ :** ૧૬૨ સે.મી. ઊંચાઇ (ગુજરાત મૂળના અનુ. જનજાતિ માટે ૧૫૭ સે.મી.).

♦ **છાતી :** ઓછામાં ઓછી ૭૭ સે.મી. (ફુલાવેલ સ્થિતિમાં ૫ સે.મી. વધુ.)

❑ **ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે અનુભવ :**

♦ **માસ્ટર :** સરકારી દરિયાકાંઠાની સંસ્થા અથવા મર્ચન્ટ શીપીંગ અથવા ખાનગી દરિયાકાંઠાની સંસ્થા અથવા અર્ધસરકારી અથવા ડાયરેક્ટર જનરલ ઓફ શીપીંગ અથવા રાજ્ય મેરી ટાઇમ બોર્ડ દ્વારા અધિકૃત કરેલ ખાનગી સંસ્થામાં સારંગ તરીકે ૫ વર્ષનો અનુભવ અથવા માસ્ટર તરીકે ૩ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

♦ **સેરંગ :** સરકારી દરિયાકાંઠાની સંસ્થા અથવા મર્ચન્ટ શીપીંગ અથવા ખાનગી દરિયાકાંઠાની સંસ્થા અથવા અર્ધસરકારી અથવા ડાયરેક્ટર જનરલ ઓફ શીપીંગ અથવા રાજ્ય મેરી ટાઇમ બોર્ડ દ્વારા અધિકૃત કરેલ ખાનગી સંસ્થામાં સેરંગ તરીકે ૨ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

♦ **એન્જિન ડ્રાઇવર :** સરકારી દરિયાકાંઠાની સંસ્થા અથવા મર્ચન્ટ શીપીંગ અથવા ખાનગી દરિયાકાંઠાની સંસ્થા અથવા અર્ધસરકારી અથવા ડાયરેક્ટર જનરલ ઓફ શીપીંગ અથવા રાજ્ય મેરી ટાઇમ બોર્ડ દ્વારા અધિકૃત કરેલ ખાનગી સંસ્થામાં ઓઇલમેન તરીકે ૫ વર્ષ અથવા એન્જિન ડ્રાઇવર તરીકે ૩ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

❑ **માસિક ફિક્સ પગાર :**

♦ **માસ્ટર :** રૂા. ૨૫,૦૦૦/-

♦ **સેરાંગ :** રૂા. ૧૮,૦૦૦/-

♦ **એન્જિન ડ્રાઇવર :** રૂા. ૧૫,૦૦૦/-

♦ **શરતો :** (૧) કરાર આધારિત નિયુક્તિ પ્રથમ તબક્કે ફરજનો હવાલો સંભાળે તે તારીખથી આગામી બે વર્ષ માટે આપવામાં આવશે. (૨) બંને પક્ષે એક માસની નોટિસ આપીને કરાર આધારિત નિયુક્તિનો અંત લાવી શકાશે. (૩) સરકારે નક્કી કરેલ સંવર્ગ પ્રમાણે ફિક્સ પગાર ચૂકવવામાં આવશે. જેના પર કોઇપણ જાતના ભથ્થા કે લાભો મળવાપાત્ર થશે નહીં. (૪) કરારના સમયગાળા દરમ્યાન વધારાની નોકરી બદલ વધારાનું પેન્શન, બોનસ એલ.ટી.સી. લીવ એન્કેશમેન્ટ, પેશગીઓ કે તેને લગતા અન્ય કોઇ નાણાકીય લાભ મળવાપાત્ર થશે નહીં. (૫) જો કરાર આધારિત નિમણૂક ઉપરના કોઇપણ કર્મચારીનું અવસાન થાય તો તેણે બજાવેલી ફરજના સમયગાળાના ફિક્સ પગારની લેણી રકમ તેમના કુટુંબીજનોને મળવાપાત્ર થશે પરંતુ બીજો કોઇ નાણાકીય લાભ એક્ષગ્રેશીયા કે રહેમરાહે નોકરી જેવા કોઇ આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહીં. (૬) કરાર આધારે નિમણૂક મેળવેલ કર્મચારીએ તુરંતના ઉચ્ચ અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સોંપવામાં આવે તેવી ફરજો અને જવાબદારીઓ અધિકારી જણાવે તેવા જે તે સ્થળે બજાવવાની રહેશે. સરકાર અન્ય સ્થળે પણ ફરજ બજાવવાનું નક્કી કરી શકશે. (૭) કરાર આધારે નિમણૂક મેળવનાર કર્મચારીને વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજાઓ મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજાઓ મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના વેતનની કપાત ફિક્સપગારમાંથી કરી લેવામાં આવશે. (૮) કર્મચારીએ કાર્યમથક પર રહેઠાણ રાખવું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વિના તેઓ કાર્યમથક છોડી શકશે નહીં. (૯) કરાર આધારે ફિક્સ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવારને સરકારી કામકાજ અર્થે મુસાફરી કરવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેમને નાણાં વિભાગના તારીખ ૧૯-૯-૨૦૦૨ના પરિપત્ર ક્રમાંક : મસભ-૧૦૨૦૦૨-૧૧૮૦-ચ ની જોગવાઇઓ મુજબ મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવાપાત્ર રહેશે. (૧૦) કરાર આધારે ફિક્સ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવાર પાસેથી કરારના સમયગાળાના દરમ્યાન ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો ૧૯૭૧ની વર્તણૂક અંગેના જે નિયમો નિયત કરવામાં આવેલ છે તે મુજબની વર્તણૂક અપેક્ષિત છે. આ નિયમોનો ભંગ થયે કોઇપણ જાતની કાર્યવાહી વગર સંબંધિત ઉમેદવારની કરારીય સેવાઓનો અંત લાવવામાં આવશે. (૧૧) કરાર આધારીત નિમણૂક લંબાવવાની થાય તો કર્મચારીની ઉંમર ૬૨ વર્ષનો થાય ત્યાં સુધી તેમને ચાલુ રાખી શકાશે. (૧૨) કરાર આધારે ફિક્સ પગારે નિમણૂક મેળવનાર ઉમેદવાર નિયમિત સરકારી કર્મચારી નથી. આથી નિયમિત સરકારી કર્મચારી તરીકે મળતા લાભો પૈકીના કોઇ લાભો મળવાપાત્ર રહેશે નહીં કે ઉમેદવાર આવા લાભોની માંગણી કરી શકશે નહીં. (૧૩) કરાર આધારે ફિક્સ પગારે નિમણૂક મેળવનાર ઉમેદવારે નિયત કરેલ પ્રફોર્મામાં પ્રમાણેની બાંહેધરી આપવાની રહેશે.

❑ **અરજી કરવાનું સરનામું :-** નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, તથા કો-ઓર્ડિનેટર, કોસ્ટલ સિક્યુરીટી સી.આઇ.ડી. ઇન્ટે. બીજે માળ, પોલીસ ભવન, સેક્ટર-૧૮ ગુજરાત રાજ્ય, ગાંધીનગર પીન-૩૮૨૦૧૮.

❑ **અરજી કરવાની આખર તારીખ :-** ઉપરોક્ત સરનામે જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણીત નકલો સહીત ટપાલ મારફતે અરજીઓ તા. ૧૫-૧૦-૨૦૧૧ સુધીમાં મોકલી આપવાની રહેશે.

**નોંધ :-** શારીરિક ખોડ-ખાંપણ ધરાવતા ઉમેદવારો તથા મહિલા ઉમેદવારોએ અરજીઓ કરવી નહીં.

**પોલીસ મહાનિરીક્ષક,**
**તકનીકી સેવાઓ,**
**ગુ.રા. ગાંધીનગર.**

# ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર : મુંબઇ
## અપર ડિવિઝન ક્લાર્ક/સ્ટેનોગ્રાફરની ભરતી

**મુંબઇ અને નવી મુંબઇ ખાતે આવેલા DAE યુનીટોમાં અપર ડિવિઝન ક્લાર્ક/સ્ટેનોગ્રાફરની જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.**

**ઓન લાઇન અરજીની છેલ્લી તારીખ : ૧૬-૯-૨૦૧૧**

**જગ્યાની સંખ્યા : ૧૧૬**

❑ **જગ્યાની વિગત :**

❑ **જગ્યાનું નામ :** અપર ડિવિઝન ક્લાર્ક

♦ **જગ્યા સંખ્યા :** ૬૬ (સામાન્ય-૩૭, અ.જા.-૦૭, અ.જ.જા.-૦૭, અ.પ.વ.-૧૫)

♦ **પગાર ધોરણ :** પે બેન્ડ-૧ રૂ. ૫૨૦૦-૨૦,૦૦૦ વત્તા ૨૪૦૦ ગ્રેડ પે. તદ્‌ઉપરાંત, કેન્દ્ર સરકારના નિયમોનુસાર ડી.એ., એચ.આર.એ., ટી.એ. મળવાપાત્ર છે.

❑ **જગ્યાનું નામ :** સ્ટેનોગ્રાફર ગ્રેડ-III

♦ **જગ્યા સંખ્યા :** ૫૦ (સામાન્ય-૩૩, અ.જા.-૦૫, અ.જ.જા.-૦૪, અ.પ.વ.-૦૮)

♦ **પગાર ધોરણ :** પે બેન્ડ-૧ રૂ. ૫૨૦૦-૨૦,૦૦૦ વત્તા ૨૪૦૦ ગ્રેડ પે. તદ્‌ઉપરાંત, કેન્દ્ર સરકારના નિયમોનુસાર ડી.એ., એચ.આર.એ., ટી.એ. મળવાપાત્ર છે.

❑ **શૈક્ષણિક લાયકાત :**

♦ **અપર ડિવિઝન ક્લાર્ક માટે : આવશ્યક :** માન્ય યુનિવર્સિટીમાંથી ૫૦ ટકા ગુણ સાથે બી.એ./બી.કોમ./બી.એસસી. અથવા તેને સમકક્ષ લાયકાત.

♦ **ઇચ્છનીય :** અંગ્રેજી ટાઇપીંગમાં પ્રતિ મિનિટ લઘુતમ ૩૦ શબ્દોની ઝડપ. કોમ્પ્યુટર ઉપયોગની જાણકારી હોવા સાથે ડેટા એન્ટ્રી એન્ડ ડેટા પ્રોસેસીંગની જાણકારી.

♦ **સ્ટેનોગ્રાફર માટે : આવશ્યક :** મેટ્રિક્યુલેશન અથવા તેને સમકક્ષ. અંગ્રેજી શોર્ટહેન્ડમાં પ્રતિ મિનિટ ૮૦ શબ્દોની તથા હિન્દી ટાઇપરાઇટીંગમાં પ્રતિ મિનિટ ૩૦ શબ્દોની ઝડપ.

♦ **ઇચ્છનીય :** કોમ્પ્યુટર એપ્લિકેશન, ડેટા એન્ટ્રી અને ડેટા પ્રોસેસીંગની જાણકારી.

❑ **વયમર્યાદા :** તા. ૧૬-૯-૨૦૧૧ના રોજ બંને જગ્યા માટે ઓછામાં ઓછી ૧૮ વર્ષ. મહત્તમ વયમર્યાદા સામાન્ય વર્ગ માટે ૨૭ વર્ષ, અ.જા./અ.જ.જા. માટે ૩૨ વર્ષ, અ.પ.વ. માટે ૩૦ વર્ષ. શા.ખો.ખાં. ધરાવનાર સામાન્ય વર્ગ માટે ૩૭ વર્ષ, અ.જા./અ.જ.જા. માટે ૪૨ વર્ષ, અ.પ.વ. માટે ૪૦ વર્ષ. વિભાગના ઉમેદવારો માટે - સામાન્ય વર્ગ ૪૦ વર્ષ, અ.જા./અ.જ.જા. ૪૫ વર્ષ, અ.પ.વ ૪૩ વર્ષ.

♦ જન્મ તારીખની ખરાઇ માટે એસ.એસ.સી./સેકન્ડરી સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ, જન્મનો દાખલો જ માન્ય ગણાશે.

❑ **પસંદગી પદ્ધતિ :** ઉમેદવારોની પસંદગી પ્રારંભિક તારવણી અને ત્યારબાદની કસોટીઓમાં ક્વોલીફાઇંગના ધોરણે થશે. ઉમેદવારો પેપર-૨ના જવાબો હિન્દીમાં પણ આપી શકે છે. બધી જ કસોટી મુંબઇ ખાતે યોજાશે.

♦ **અપર ડિવિઝન ક્લાર્ક :** લેખિત પરીક્ષા પેપર-૧, સામાન્ય અંગ્રેજી (ત્રણ કલાક), પેપર-૨, સામાન્ય જ્ઞાન અને પ્રાથમિક અંકગણિત (બે કલાક).

♦ **ઇન્ટરવ્યૂ :** લેખિત પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારોને ઇન્ટરવ્યૂમાં બોલાવવામાં આવશે.

♦ **સ્ટેનોગ્રાફર :** લેખિત પરીક્ષા પેપર-૧ સામાન્ય અંગ્રેજી (ત્રણ કલાક), પેપર-૨, સામાન્ય જ્ઞાન (બે કલાક).

♦ **સ્કીલ ટેસ્ટ :** કોમ્પ્યુટર ઉપર સ્ટેનોગ્રાફી ટેસ્ટ યોજાશે.

♦ **ઇન્ટરવ્યૂ :** લેખિત પરીક્ષા અને સ્કીલ ટેસ્ટમાં સફળ ઉમેદવારોને ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે.

❑ **અરજી કેવી રીતે કરશો :**

♦ ઓન લાઇન અરજીની વધુ વિગતો વેબસાઇટ **www.barcrecruit.gov.in** ઉપર મૂકવામાં આવી છે.

♦ સરકારી કર્મચારીઓએ ઇન્ટરવ્યૂ સમયે 'ના વાંધા પ્રમાણપત્ર' રજૂ કરવાનું રહેશે.

♦ અરજીઓ માત્ર ઓન લાઇન સ્વીકારવામાં આવશે.

❑ **સામાન્ય સૂચનાઓ :**

♦ મળેલી અરજીઓના આધારે તારવણી કરવામાં આવેલા ઉમેદવારોને જ લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

♦ માત્ર અ.જા./અ.જ.જા. વર્ગના બહારગામ રહેતા ઉમેદવારોને જ લેખિત પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે સૌથી ટૂંકા રૂટની રેલવે મુસાફરી માટે આવવા-જવાનું સેકન્ડ ક્લાસનું રેલવે ભાડું ચુકવવામાં આવશે. આ રેલવે ભાડું સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવારોને મળી શકશે નહીં.

♦ વિગતવાર જાહેરાત **BARC** ની વેબસાઇટ **www.barc.gov.in** ઉપરથી પણ જોઇ શકાશે.

**(૧) કયા શહેરની પડતીના કારણે યુરોપને ભારત તરફનો નવો જળમાર્ગ શોધવાની ફરજ પડી ?**

(૧) તહેરાન (૨) દમાસ્કસ
(૩) કોન્સ્ટેન્ટિનોપલ (૪) જેરુસલેમ

**(૨) વેસ્ટ ઈન્ડિઝ કયા મહાસાગરને કિનારે આવેલું છે ?**

(૧) પેસિફિક (૨) એટલાન્ટિક
(૩) હિંદ (૪) આર્કટિક

**(૩) લેનિન દ્વારા તેના લોકોને નીચેનામાંથી ક્યુ સ્લોગન અપાયું હતું ?**

(૧) ''વેલ્ફેર સ્ટેટ''
(૨) ''બ્રેડ, લેન્ડ એન્ડ પીસ''
(૩) ''બ્રેડ, પીસ એન્ડ હાઉસ''
(૪) ''સીવીલીઅન ડીસઓબેડીયન્સ''

